# <u>પરચુરણ એમ.એ.સી.પી. કેસ નંબર : ૧૮૦/૨૦૨૨ ના આંક : ૧ લગત હુકમ</u>

અરજદાર તર્ફે વિ.વ.શ્રી એમ.કે.પ્રજાપતિ ને સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજદારની અરજી જોતા સદર કામે અરજદારે એમ.એ.સી.પી.નં. ૧૦૩૪/૨૦૧૨ થી દાખલ કરતા સદરહુ કેસ તા. ૨૧/૦૯/૨૦૨૧ ના રોજ ફેસલ થયેલ છે અને સામાવાળા તરફથી હુકમ મુજબ રૂા.૯૮,૬૯૦/– જમા કરાવેલ છે. સામાવાળા તર્ફે વિ.વ.શ્રી એ.એમ.અછાવા સદરહું રકમ અરજદારને ચુકવવામાં આવે તો વાંધો નથી તેવો શેરો અરજી ઉપર કરી આપેલ છે તથા અત્રેની કચેરીના નાઝરશ્રીનાઓએ સદર રકમ સામાવાળા તરફથી અત્રેની ટ્રીબ્યુનલમાં જમા થયા અંગેનો શેરો પણ કરેલ છે તેમજ રીટ રજીસ્ટર જોતા નામ. ગુજ.હાઈકોર્ટ, અમદાવાદથી રીટ આવેલ નથી તેવો શેરો રીટ ટેબલેથી સુપ્રિટેન્ડેન્ટશ્રીએ કરેલ છે તેથી સદરહું અરજી મંજુર કરતો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, એમ.એ.સી.પી.નં. ૧૦૩૪/૨૦૧૨ થી દાખલ કરતા સદરહુ કેસ તા. ૨૧/૦૯/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ મુજબ અરજદારને સામાવાળા તરફથી જમા થયેલ રકમ રૂા.૯૮,૬૯૦/–માંથી કોર્ટ ફી ની રકમ જો કાપવા પાત્ર હોય તો કોર્ટ ફી ની રકમ બાદ કરી એમ.એ.સી.પી.નં. ૧૦૩૪/૨૦૧૨ ના આંક : ૫૦ થી થયેલ હુકમ મુજબ બાકી રહેતી રકમ ચુકવી આપવી.

હુકમ આજરોજ તા. ૨૪, માહે નવેમ્બર, ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)<br>
એમ.એ.સી.ટી. (સહાયક–II)<br>
બીજા એડી. ડીસ્ટ્રીકટ જજ, વિસનગર<br>
જિ. મહેસાણા, કોડ નંબર : જીજે૦૦૫૮૮